RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 262* Date: 19.07.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોનાના કુલ કેસ ૧૧ લાખની નજીક, ભારત બ્રાઝિલ કરતાં આગળ નીકળ્યુ

# 'કોરોના ભયાવહ': સતત બીજા દિવસે ૩૪ હજારથી વધુ પોઝિટિવ કેસો

### ૨૪ કલાકમાં વધુ ૬૭૧ના મોત સાથે મૃત્યુઆંક ૨૬૨૭૩એ પહોંચ્યો, રિક્વરી રેટ વધીને ૬૩.૯૩ ટકાએ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૧૭૯૯૪ લોકો સ્વસ્થ થયા

*ન્યુ દિલ્હી,તા.૧૮*

સમગ્ર દેશમાં કોરોનાનો વાઇરસ ઓક્ટોપસની જેમ ચારે તરફ ફેલાઇ રહ્યો હોય તેમ ગઇકાલે શુક્રવારે પણ ૩૫ હજારની નજીક કેસો નોંધાયા હતા. અનલોક-૨ના ૧૭મા દિવસે શુક્રવારે વધુ ૬૭૧ લોકોના મૃત્યુ સાથે ૩૪,૮૨૦ નવા કેસો ઉમેરાયા હતા. પરિસ્થિતિ દિવસેને દિવસે વકરી રહી છે. છેલ્લા એક સપ્તાહમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં બ્રાઝીલથી પણ વધારે કેસ નોંધાયા છે. બ્રાઝીલમાં ગઇકાલે ૩૩,૯૫૯ કેસ નોંધાયા છે, જેની સામે ભારતમાં ૩૪,૮૦૦થી વધારે કેસ નોંધાયા છે. તો બિહારમાં એક મંત્રી, એક સાંસદ અને તેમના પત્ની કોરોનાની ઝપટમાં આવી ગયા છે. બીજી તરફ અભિનેત્રી ઐશ્વર્યારાય બચ્ચન અને પુત્રી આરાધ્યાને પણ મુંબઇની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ જ હોસ્પિટલમાં તેમના સસરા અને મહાનાયક અભિતાભ બચ્ચન અને પતિ અભિષેક પણ કોરોની સારવાર હેઠળ છે. જ્યારે ધ લેન્સેટના એક રિપોર્ટ મુજબ, અમેરિકા બાદ ભારતમાં જ ચેપ સૌથી ઝડપી રીતે ફેલાઈ રહ્યો છે અને દેશના ૬૪૦ જિલ્લામાંથી ૬૨૭ જિલ્લા કોરોના વાઈરસ સામે ઝઝૂમી રહ્યા છે.

અનલોક-૨માં દેશમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. અત્યાર સુધી ૧૦ લાખ ૪૦ હજાર ૪૫૭ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. જેમાં ૩ લાખ ૫૯ હજાર ૭૦૧ દર્દી સારવાર હેઠળ છે. અત્યારસુધીમાં ૬ લાખ ૫૪ હજાર ૭૮ લોકો સાજા થયા છે, જ્યારે ૨૬ હજાર ૨૮૫ દર્દીઓના મોત થયા છે.જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના



વાયરસનો રિકવરી રેટ ૬૩.૯૩ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૯૯૪ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૬૫૩૭૫૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

કોરોનાના કેસોમાં મહારાષ્ટ્ર સૌથી વધારે અસરગ્રસ્ત રાજય છે. મહારાષ્ટ્રમાં ૨,૯૨,૫૮૯ કેસ નોંધાયા છે. બીજા નંબરે તમિલનાડુમાં ૧,૬૦,૯૦૭, રાજધાની દિલ્હીમાં ૧,૨૦૧૦૭,૯૯૩, કર્ણાટકમાં ૫૫,૧૧૫, ઉત્તરપ્રદેશમાં ૪૫,૧૬૩, તેલંગાણામાં ૪૨,૪૯૬, આંધ્રપ્રદેશમાં ૪૦,૬૪૬, પશ્ચિમ બંગાળમાં ૩૮,૦૧૧ કેસ નોંધાયા છે.કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી અસરગ્રસ્ત દેશ બની ગયો છે. અમેરિકા, બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધારે ભારત પ્રભાવિત છે. . જો ૧૦ લાખ વસતી પર સંક્રમિત મામલા અને મૃત્યુદરની વાત કરવામાં આવે તો અન્ય દેશોની તુલનામાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ભારતથી વધારે કોરોનાના કેસો અમેરિકા અને બ્રાઝીલમાં છે.

દરમ્યાન ફિલ્મક્ષેત્રે બચ્ચન પરિવારમાં હવે ઐશ્વર્યા રાય બચ્ચન અને તેમની દીકરી આરાધ્યાને શુક્રવારે મોડી રાતે નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ હોમ ક્વોરન્ટિન હતા. ૧૧ જુલાઈએ અમિતાભ અને અભિષેક કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા.

લોકડાઉન હેઠળના બિહાર રાજ્યમાં શ્રમ સંસાધન મંત્રી અને વિજય કુમાર સિન્હા, પાટિલપુત્રના સાંસદ રામકૃપાલ યાદવ અને તેમના પત્ની કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. મંત્રી વિજય કુમારની પટનામાં એઈમ્સમાં સારવાર ચાલી રહી છે

એક અન્ય કોરોના સંબંધિત ઘટનામાં બાગપતના ખેકડાના કોવિડ હોસ્પિટલની બારી તોડીને એક બાળક ફરાર થઈ ગયો છે. તેને ચોરીના આરોપમાં પકડવામાં આવ્યો હતો. અને પરીક્ષણમાં કોરોના પોઝિટિવ નીકળ્યો હતો.

ભારતમાં છેલ્લા ત્રણ દિવસમાં જ એક લાખ કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, ગુરુવારે ૩૨,૬૯૫ કેસ અને ૬૦૬ લોકોના મોત થયા હતા. શુક્રવારે અત્યાર સુધીના એક દિવસમાં સૌથી વધારે ૩૪,૯૫૬ કેસ નોંધાયા હતા અને ૬૮૭ લોકોના મોત થયા હતા. જ્યારે આજે છેલ્લા ૨૪ કલાકમાં ૬૭૧ લોકોના મોત થયા છે અને ૩૪,૮૮૪ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે. આમ છેલ્લા ત્રણ દિવસમાં જ ૧,૦૨,૦૫ કેસ નોંધાયા છે.

### ૨૪ કલાકમાં જમ્મૂ-કાશ્મીરમાં છ આતંકી ઠાર

## શોપિયામાં એન્કાઉન્ટર: સેનાએ જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકીઓને ઠાર કર્યા

શ્રીનગર,તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં આતંક સામે એક મોટો અભિયાન ચાલી રહ્યું છે. સુરક્ષા દળો આતંકને નાબૂદ કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. શનિવારે સવારે સુરક્ષા દળોએ શોપિયાં જિલ્લાના અમશિપોરા ખાતે એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કાશ્મીર ખીણની અંદર આ બીજી અથડામણ છે. અગાઉના એક્રાઉન્ટરમાં પણ સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ રીતે, છેલ્લા ૨૪ કલાકમાં ખીણમાં ૬ આતંકવાદીઓ માર્યા ગયા છે.શનિવારે સવારે એક્રાઉન્ટર પૂર્વે સુરક્ષા દળોને આ વિસ્તારમાં આતંકવાદીઓના છુપાયેલા હોવાની બાતમી મળી હતી, જેના આધારે પોલીસ, સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. દરમિયાન, પોતાને ઘેરાયેલું જોઇને આતંકીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. સુરક્ષા દળોએ આતંકીઓની ગોળીબારનો જવાબ આપતા જ ??ફાયરિંગ કર્યું હતું. આ જવાબી કાર્યવાહીમાં ત્રણેય આતંકવાદીઓ માર્યા ગયા હતા.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણ કાશ્મીરના શોપિયાંના અમશિપોરામાં આતંકવાદીઓની હાજરીની બાતમીના આધારે સુરક્ષા દળોએ આ વિસ્તારને ઘેરી લીધો હતો અને ત્યાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે આ દરમિયાન, આતંકીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કર્યું હતું, ત્યારબાદ દળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. અધિકારીએ જણાવ્યું કે આ એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે.શુક્રવારે કુલગામમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે મુકાબલો થયો હતો. આમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા. આ રીતે, શુક્રવારથી શનિવારના ૨૪ કલાકમાં, સુરક્ષા દળના આતંકવાદીઓ સાથે બે એક્રાઉન્ટર થયા હતા, જેમાં કુલ ૬ આતંકવાદીઓ માર્યા ગયા છે.

### રાજનાથસિંહે કર્યા બાબા બર્ફાનીના દર્શન

## અમરનાથ યાત્રા પર આતંકી હુમલાનો ખતરો



શ્રીનગર,તા.૧૮

સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ લદ્દાખ અને જમ્મુ કાશ્મીરના બે દિવસીય પ્રવાસ પર છે. ગત રોજ શુક્રવારે લદ્દાખમાં રાજનાથસિંહે જવાનો સાથે મુલાકાત કરી ગલવાન ઘાટીમાં શહીદ થયેલા જવાનો વિશે વાત કરી હતી. આજે રાજનાથ સિંહે અમરનાથ મંદિર મુલાકાત લઈ બાબા બર્ફાનીના દર્શન કર્યા હતાં.

આ દરમિયાન એલજી જીસી મુર્મૂ આગામી અમરનાથ યાત્રાની તૈયારીઓ અને નવાગઠિત કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષા સ્થિતિ વિશે રાજનાથને માહિતી આપી હતી. રાજનાથસિંહ સાથે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બીપિન રાવત અને આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવાણે હાજર રહ્યાં હતાં.આ પહેલા રાજનાથ સિંહે શ્રીનગરમાં ચિનાર કોર્પ્સના કમાન્ડરની સાથે બેઠક કરીને સુરક્ષા સ્થિતિની સમિક્ષા કરી. રાજનાથ સિંહે જમ્મુ-કાશ્મીર સરહદની સુરક્ષાને લઈને સંતુષ્ટ જણાયા. તેમણે સેનાને કહ્યું કે દુશ્મનોની કોઇ પણ નાપાક હરકતનો મુકાબલો કરવા માટે હંમેશા સતર્ક રહેવું જરૂરી છે.

જો કે, મળતી માહિતી મુજબ ચાલુ વર્ષે અમરનાથ યાત્રા દરમિયાન આતંકવાદી હુમલો થવાની સંભાવના છે. આ અંગે સેનાએ કહ્યું છે કે, આતંકીઓ જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાળુઓને નિશાન બનાવી શકે છે.

ભારતીય સેનાના અધિકારી બ્રિગેડિયર વી.એસ. ઠાકુરે કહ્યું કે, સેનાને માહિતી મળી છે કે, આતંકીઓ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર અમરનાથ યાત્રાના ભક્તોને નિશાન બનાવવાની શકે છે. આતંકવાદીઓ અમરનાથ યાત્રાને નિશાન બનાવવાનું કાવતરું કરી રહ્યાં છે.મહત્વનું છે કે, શુક્રવારે દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં થયેલા એક્રાઉન્ટરમાં વલીદ નામના પાકિસ્તાની સહિત ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતાં. આ સુરક્ષા દળો માટે મોટી સફળતા છે. જો કે, આજે શનિવારે પણ જમ્મુ-કાશ્મીરના શોપિયામાં સુરક્ષાબળો અને આતંકવાદી વચ્ચે અથડામણં થઈ હતી. આ અથડામણમાં સેનાએ ૪ આતંકવાદીઓને ઠાર માર્યા છે. કાશ્મીર ઘાટીમાં છેલ્લા ૨૪ કલાકમાં આ બીજીવાર અથડામણ થઈ છે. હાલ સેનાએ સમગ્ર વિસ્તારમાં ઘેરાવ કરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

### વિશ્વમાં કોરોનાના કુલ કેસ વધીને ૧.૪ કરોડે પહોંચ્યા

## કોરોનાએ બુલેટ ટ્રેનની ઝડપ પકડી: ૧૦૦ કલાકમાં ૧૦ લાખ પોઝિટિવ કેસ

વોશિંગ્ટન,તા.૧૮

કોરોના મહામારીને લઇ લોકોમાં આશા વ્યક્ત કરી હતી કે સમયની સાથો સાથ પ્રકોપમાં ઘટાડો આવશે અને કેસોની સંખ્યા ઓછી થતી જશે. પરંતુ તેનાથી ઉલટું થઇ રહ્યું છે. કોરોના સમયની સાથો સાથ વધુ ઝડપથી ફેલાઇ રહ્યો છે. રોયટર્સ ટેલીના મતે શુક્રવારના રોજ વિશ્વમાં કોરોના કેસોની કુલ સંખ્યા ૧.૪ કરોડને પાર કરી ગઇ છે. એટલું જ નહીં અંદાજે ૧૦૦ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૧૦ લાખ કેસ સામે આવ્યા છે.કોરોનાનો પહેલો કેસ ચીનમાં જાન્યુઆરીના શરૂઆતના દિવસોમાં આવ્યા હતા. ત્યારબાદ આવતા ત્રણ મહિનામાં કોરોના કેસોની સંખ્યા ૧૦ લાખ પર પહોંચી હતી. પરંતુ કોરોના કેસોની સંખ્યા ૧.૩ કરોડથી ૧.૪ કરોડ પહોંચવામાં માત્ર ચાર દિવસ લાગ્યા છે. ૧૩ જુલાઇના રોજ વિશ્વમાં કોરોનાની કુલ સંખ્યા ૧.૩ કરોડ થઇ હતી પરંતુ ૧૭ના રોજ આ ૧.૪ કરોડને પાર થઇ ગઇ છે.

અમેરિકામાં ૩૬ લાખથી વધુ કોરોનાના કેસ સામે આવી ચૂકયા છે. તેમ છતાંય દરરોજ અહીં કોરોનાના ઘણા મામલા સામે આવી રહ્યા છે. ગુરૂવારના રોજ અહીં રેકોર્ડ ૭૭૦૦૦ કેસ સામે આવ્યા છે. જ્યારે સ્વીડનમાં મહામારીની શરૂઆતથી અત્યાર સુધી ૭૭૨૮૧ કેસ સામે આવી ચૂકયા છે.વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મતે શુક્રવારના રોજ કોરોનાના ૨૩૭૭૪૩ કેસ સામે આવ્યા છે.

આની પહેલાં ૧૨ જુલાઇના રોજ રેકોર્ડબ્રેક ૨૩૦૩૭૦ કેસ સામે આવ્યા હતા. આ તમામ આંકડા એ બતાવા માટે પૂરતા છે કે તાજેતરના દિવસોમાં કોરોનાના કેસ ઝડપથી વધ્યા છે. સૌથી વધપ જે દેશોમાંથી કોરોનાના કેસ સામે આવી રહ્યા છે તેમાં અમેરિકા, બ્રાઝિલ, ભારત અને દક્ષિણ આફ્રિકા છેજો કે જુલાઇ મહિનામાં કોરોનાથી મરનારાઓના દર્દીઓની સંખ્યા જોઇએ તો લગભગ ૫૦૦૦ની આસપાસ બનેલી છે. એટલે કે મોતના આંકડામાં સ્થિરતા બનેલી છે. છેલ્લાં સાત મહિનામાં કોરોનાના લીધે આખી દુનિયામાં ૫૯૦૦૦૦ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂકયા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા : ૯૬૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૭૪૭૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુઃ ૧૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૦૬૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૪૦૦૫**

### કોંગ્રેસમાં ઘણા સમયથી કોલ્ડ વોરની સ્થિતિ જોવા મળી રહી છે

## રાજસ્થાનમાં ઈમરજન્સીની જેવી સ્થિતિ, ઓડીયો ટેપ મામલે સીબીઆઈ કરે તપાસઃ ભાજપ

ન્યુ દિલ્હી,તા.૧૮

રાજસ્થાનમાં એક અઠવાડિયાથી ચાલી રહેલ રાજકીય નાટક શાંત રહેવાનું નામ નથી લઈ રહ્યો. દરમિયાનમાં બે ઓડિયો વાઈરલ થતાં હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભાજપ ગેહલોત સરકારને અસ્થિર બનાવવા માંગે છે અને ઓડિયોમાં પણ પુરાવા છે. તેમજ કેન્દ્રીય પ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવત સામે એફઆઈઆર પણ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન ભાજપે ગેહલોત સરકાર ઉપર પણ આક્ષેપો લગાવ્યા છે. આ સાથે જ સીબીઆઈએ આ કેસમાં તપાસની માંગ કરી છે.આ કેસમાં ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું હતું કે રાજસ્થાન સરકારે જવાબ આપવો જોઇએ કે મુખ્યમંત્રી ગેહલોત આ ફોન ટેપીંગમાં સામેલ છે કે નહીં. કોંગ્રેસના નેતા અને મુખ્યમંત્રી એમ કહી રહ્યા છે કે આ ઓડિયો અધિકૃત છે, જ્યારે એસઓજીએ તેમની એફઆઈઆરમાં 'કથિત' શબ્દનો ઉપયોગ કર્યો છે. તેમણે કહ્યું કે અમે કોંગ્રેસ પાર્ટી અને રાજસ્થાન સરકારને પૂછવા માંગીએ છીએ કે ફોન ટેપિંગ સત્તાવાર રીતે કરવામાં આવ્યું હતું કે કેમ. જો ફોન ટેપ થયેલ છે, તો તે સંવેદનશીલ અને કાનૂની સમસ્યા નથી? શું ફોન ટેપીંગની માનક ઓપરેટિંગ પ્રક્રિયા (એસઓપી) ને અનુસરવામાં આવી છે?

સંબિત પાત્રા મુજબ, રાજસ્થાનમાં કોંગ્રેસ પાર્ટીનું નાટક આ તમામ ષડયંત્ર, જૂઠ્ઠાણા અને કાયદાને કેવી રીતે નિયંત્રણમાં રાખીને કરવામાં આવે છે તેનું મિશ્રણ છે. તેમણે કહ્યું કે રાજસ્થાનમાં ઈમરજન્સી આવી છે. સંબિત પાત્રાએ પૂછ્યું કે શું આવી તમામ પાર્ટીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે કે માત્ર ભાજપને. તેમણે ઓડિયો કેસની સીબીઆઈ તપાસની માંગ કરી છે.

સાંબિત પાત્રાના રાજસ્થાન સીએમ અશોક ગેહલોતને પ્રશ્ન

૧. શું રાજસ્થાનમાં સરકારે ફોન ટેપિંગ કરાવી?

૨. જો ફોન ટેપિંગ થયું તો શું તેના માટે સરકારે નિયમ પાલન કર્યા?

૩. શું ગેર સંવૈધાનિક રીતે રાજસ્થાનમાં સરકારને બચાવાની કોશિષ કરાઇ છે?

૪. શું રાજસ્થાનમાં તમામ રાજનેતાઓના, પછી તે કોઇપણ પાર્ટીમાંથી હોય તમામના ફોન ટેપ થઇ રહ્યા છે?

૫. શું રાજસ્થાનમાં રાજ્ય સરકારે અપ્રત્યક્ષ ઈમરજન્સી લગાવી દીધી છે?

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વના કોઈ પણ દુઃસાધ્ય પડકારને જીતવા માટે પાયાની જરૂરિયાત

દેશના કોઈ પણ મોટા શહેરના બસ સ્ટોપ પર જઈને દસ મિનિટ ઊભા રહીને ચૂપચાપ નિરીક્ષણ કરજો. લોકો આમ તો કતારમાં ઊભેલા દેખાશે. બસ આવે કે તરત એ કતાર એક નિરકુશ ટોળામાં ફેરવાઈ જશે અને દરેક જણ કતારમાં પહેલો ક્રમ પોતાનો હોય એવા હક્કથી બસમાં ઘુસવા ધક્કામુક્કી કરી મૂકશે. આવી ટોળાશાહીનો લાભ ખિસ્સાકાતરુ સહેલાઈથી લઈ શકે.વેપારી કે ઉદ્યોગપતિ હો અને અવારનવાર વિમાનયાત્રા કરતાં હો તો તમે અનાયાસે નોંધ્યું હશે. એરપોર્ટ પર વિમાન ઊભું રહે એ સાથે બધા બેઠક પરથી ઊભા થઈ પોતાનું પાકિટ લઈને દરવાજા તરફ દોટ મૂકશે જાણે મુંબઈની ઉપનગરીય લોકલ ટ્રેનની જેમ વિમાન દોઢ બે મિનિટમાં ફરી ઉડ્ડયન શરૂ કરી દેવાનું હોય લગભગ એવું જ દ્રશ્ય સિનેમા કે ડ્રામા થિયેટરમાં જોવા મળે. સ્ક્રીન પર ક્રેડિટ ટાઈટલ્સ આવે એટલે બધાંને બહાર નીકળવાની ઉતાવળ આવી જાય.આવાં દ્રશ્યો યાદ આવવાનું કારણ હાલની મહામારી કોરોના છે. છેલ્લાં પચાસ પંચોતેર વર્ષમાં આ રીતે સતત બે અઢી મહિના ઘરમાં પૂરાઈ રહેવાની ફરજ કદી પડી નહોતી.મને-કમને આ રીતે લોકડાઉન સહન કર્યા પછી ઓચિંતી ફરી આપણે દોટ મૂકી. શરૂઆતમાં કેસ ઓછા હતા ત્યારે આપણે સૌ ઘરની ચાર દિવાલો વચ્ચે પૂરાયેલા હતા. લોકડાઉન ખુલ્યું એ સાથે જે રીતે ભણેલા-અભણ અને નાના-મોટા સૌએ બહાર નીકળીને દોટ મૂકી એ સાથે કોરોનાના કેસ વધવા માંડયા. ખાસ કરીને દેશની આથક રાજધાની સમા મહાનગર મુંબઈ અને ગુજરાતમાં પરીકથાની રાજકુંવરીની જેમ કોરોનાના કેસ ધડાધડ વધવા માંડયા.જે તે વિસ્તારની મ્યુનિસિપાલિટી કે સરકારી તંત્રની ટીકા કરવાની ટેવ ધરાવતાં પરિબળો રાજાપાઠમાં આવી ગયા- જોયું, અમે નહોતા કહેતા કે આવું થશે ! કડવી લાગે એવી વાસ્તવિકતા એ છે કે કોરોનાનો ચેપ પ્રસરવા અને કેસ વધવા પાછળ આપણે સૌ જવાબદાર છીએ. મોલની બહાર, વેજિટેબલ માર્કેટની બહાર કે રેલવે સ્ટેશન પર આપણે સોશ્યલ ડિસ્ટન્સીંગ ચૂકી ગયા, મોઢે માસ્ક પહેરવાનું ચૂકી ગયા, સ્વચ્છતાના પ્રાથમિક પાઠ ભૂલી ગયા.... છપ્પનિયા દુકાળમાંથી આવ્યા હોઈએ એમ બજારો પર તૂટી પડયા.તે રખે ને કદાચ લોકડાઉન ફરી આવી પડે તો, એવા વિચારે આડેધડ ખરીદી કરવાની લાહ્યમાં લોકડાઉન વખતે પાળેલું શિસ્ત વિસરી ગયા. પરિણામ ?

શેરબજારની જેમ કોરોનાના કેસમાં આવ્યો ઊછાળો. સતત નેગેટિવ વિચારતા કેટલાક દોઢડાહ્યા જણે વ્હોટ્સ એપ પર એવી આગાહીઓ વહેતી મૂકી કે જૂનની આખર સુધીમાં તો રોજના પંદર હજાર નવા કેસ જોવા મળશે. કદાચ આવું બનેય ખરું. એને માટે આપણે સૌ પૂરેપૂરા જવાબદાર છીએ. નિષ્ણાત ડોક્ટરોએ સતત આપેલી અગમચેતી આપણે જાણ્યે અજાણ્યે વિસારે પાડી દીધી એટલે કેસ વધે છે.પોતાને સેક્યુલર ગણનારા લોકોએ હરખવા જેવું છે. કોરોના દરેક કોમ ધર્મ કે જાતિના લોકોમાં એકસરખો પ્રસરી રહ્યો છે. ખાસ કરીને મુંબઈ-ગુજરાતની ઝૂંપડપટ્ટીમાં વસતા લોકો એનો મોટે પાયે શિકાર થઈ રહ્યા છે. લઘુમતી વિસ્તારના એક જૈફે ટીવી ચેનલને કહેલું કે અહીં એક ઝોંપડામાં આઠથી દસ જણ રહેતા હોય ત્યાં ડિસ્ટન્સ કેવી રીતે રાખીએ ? ચોતરફ ગંદકી, ગીચતા અને સંકડાશ વચ્ચે અમે જીવીએ છીએ... ડોક્ટરોની સલાહ મુજબ જીવવા માટે અમારી પાસે કોઈ ઉપાય નથી.વાસ્તવિકતા એ છે કે સારી ગણાતી સોસાયટીમાં રહેતા લોકો પણ સ્વયંશિસ્ત પાળતા નથી તો સ્લમના રહેવાસીઓ પાસે શી અપેક્ષા રાખવી ? હજુય સમય છે હાથમાં. હજુય થોડી સાવધાની વરતીએ તો બાજી હાથમાંથી સરકી નહીં જાય. જરૂર છે જાગવાની, શિસ્ત પાળવાની.દેશમાં એકમાત્ર કેરળ સરકાર છે જેણે રાજ્યમાં દાખલ કરેલા કોરોના રેગ્યુલેશન્સને એક વરસ સુધી એટલે કે આગામી જુલાઈ ૨૦૨૧ સુધી લંબાવવાનો હુકમ કરી દીધો છે. જે હકીકત દેશના ઘણા બધા રાજ્યો અને કેન્દ્ર સરકાર જાણે છે કે આગામી એક વર્ષ સુધી તો સ્થિતિમાં કોઈ ફેરફાર થવાનો નથી. ઉપરાંત દેશના કેટલાક વિસ્તારોમાં અને કેટલાક ક્ષેત્રોમાં પરિસ્થિતિ વધુ ગંભીર થવાની છે. તો પણ હજુ કેન્દ્ર સરકાર પોતાનો રોડમેપ જાહેર કરી શકી નથી. દેશના શિક્ષણ ક્ષેત્રમાં હજુ પણ એમ માનવામાં આવે છે કે થોડા સમયમાં બધું સુગમ થઈ જશે કેટલાક જ્યોતિષીઓને આધારે પણ એ વાતને સતત હવા આપવામાં આવે છે કે આપણે જાણે કે તમામ આપત્તિઓને પાર કરી ને કાંઠે પહોંચી ગયા છીએ.અથવા તો આપણે ટૂંક સમયમાં જ આ મહાસંકટમાંથી બહાર આવી જવાના છીએ. જ્યારે કે વાસ્તવિકતા એ છે કે ભારતમાં દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં બહુ ઝડપથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. રોગગ્રસ્ત લોકોની સંખ્યાના સંદર્ભમાં ભારત હવે દુનિયામાં ત્રીજા સ્થાન પર છે અને બહુ જ ટૂંક સમયમાં ભારત પહેલા સ્થાન પર આવી જશે. પછી જ ભારતની ખરી કસોટી છે કે એ સ્થાનમાંથી કઈ રીતે ઝડપથી છટકી જવું અને કઈ રીતે કોરોના પર અંકુશ પ્રાપ્ત કરવો. કોરોના માટે રોગ પ્રતિકારક રસી શોધવામાં હજુ વૈજ્ઞાનિકોને ઘણો લાંબો સમય લાગશે.કેટલાક અખતરાઓ એવા થયા છે કે લોકોને આશા બંધાઈ છે, પરંતુ સમગ્ર દુનિયામાં કામ લાગે એવી રસી હજુ હાથ લાગી નથી. ભારતીય આયુર્વિજ્ઞાન પરિષદે અને ઓક્સફર્ડ યુનિવસટીએ આવતા મહિને ઓગસ્ટમાં કોરોનાનો પ્રતિકાર કરવા સફળ ટીકા કરણની આશાઓ પ્રગટ કરી છે. પરંતુ હજુ એ કલ્પનાનો જ વિષય છે. દુનિયામાં અત્યારે ૧૫૦ થી વધુ મેડિકલ ટીમો એવી છે જેણે દાવો કર્યો છે કે અમે અંતિમ સફળ પરિણામની સાવ નજીક છીએ.વૈજ્ઞાનિકોના અભિપ્રાયો ફરતા રહે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૯/૦૭/૨૦૨૦, રવિવાર, અષાઢ વદ-૧૪
સૂર્યોદય-૬-૧૪, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૦૨,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૫૪થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૩ સુધી, ૧૪-૩૩ થી શુભ-૧૬-૧૨ સુધી, ૧૯-૩૨ થી શુભ-અમૃત-ચલ-૨૩-૩૩ સુધી

- શુભ હોરા-
૭-૨૧થી ૧૦-૪૦ સુધી, ૧૧-૪૭થી ૧૨-૫૩ સુધી, ૧૫-૦૬ થી ૧૮-૨૫ સુધી ૧૯-૩૨થી ૨૦-૨૫ સુધી

# ચાંદીનો વાયદો રૂ.૧,૫૧૯ ઊછળી રૂ.૫૩,૧૯૯ના સ્તરને સ્પર્શ્યો: સોનામાં રૂ.૧૦૫ની નરમાઈ

### ક્રૂડ તેલના વાયદાના ભાવમાં તેજીનો માહોલ: કપાસ, કોટન, મેન્થા તેલમાં ઘટાડો: સીપીઓમાં સુધારાનો સંચાર: સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૬૧,૨૩૭ કરોડનું નોંધપાત્ર ટર્નઓવર

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧૦થી ૧૬ જુલાઈના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં ૨૭,૧૪,૮૪૦ સોદાઓમાં કુલ રૂ.૧,૬૧,૨૩૭.૨૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫ ઘટ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૫૧૯ ઊછળ્યો હતો. એલ્યુમિનિયમ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધીને બંધ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીનો માહોલ હતો, જ્યારે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને મેન્થા તેલમાં નરમાઈ સામે ક્રૂડ પામ ઓઈલ (સીપીઓ)માં સુધારાનો સંચાર થયો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૯૧૯ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૨૯૧ અને નીચામાં રૂ.૪૮,૭૧૦ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૮,૮૭૮ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧૦૫ (૦.૨૧ ટકા)ના ઘટાડા સાથે રૂ.૪૮,૭૭૩ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯,૪૫૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૫ (૦.૦૪ ટકા) ઘટી રૂ.૩૯.૪૩૦ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૯,૬૮૯ અને નીચામાં રૂ.૩૮,૩૬૦ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૮૯૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૦ (૦.૨૦ ટકા) ઘટી બંધમાં રૂ.૪,૮૮૫ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૯૨૪ અને નીચામાં રૂ.૪,૮૮૦ બોલાયો હતો.

સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૯૦૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૯,૨૯૯ અને નીચામાં રૂ.૪૮,૭૩૧ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૮૫ (૦.૧૭ ટકા)ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૪૮,૮૧૧ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૫૧,૧૬૩ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૩,૧૯૯ અને નીચામાં રૂ.૫૦,૯૫૨ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૫૧,૦૯૧ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૫૧૯ (૨.૯૭ ટકા)ની તેજી સાથે રૂ.૫૨,૬૧૦ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૫૧,૨૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૩,૨૩૭ અને નીચામાં રૂ.૫૧,૦૪૦ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૫૧,૨૦૯ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૪૮૩ (૨.૯૦ ટકા)ના ઉછાળા સાથે રૂ.૫૨,૬૯૨ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૫૧,૨૨૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૩,૨૨૦ અને નીચામાં રૂ.૫૧,૦૬૫ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૪૯૩ (૨.૯૨ ટકા) વધી બંધમાં રૂ.૫૨,૬૯૧ના ભાવ થયા હતા.બિનલોહ ધાતુઓમાં તાંબુ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૪૮૩.૭૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૫.૬૫ (૩.૨૩ ટકા) વધી રૂ.૪૯૯.૮૫ બંધ થયો હતો, જ્યારે નિકલનો જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧,૦૦૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૭.૪૦ (૧.૭૪ ટકા) વધી બંધમાં રૂ.૧,૦૧૫.૨૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧૩૮.૭૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૨૦ (૦.૮૭ ટકા) ઘટી રૂ.૧૩૭.૩૫ના સ્તરે રહ્યો હતો. સીસું જુલાઈ વાયદો રૂ.૧૪૬.૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૬૫ (૧.૧૩ ટકા) વધી રૂ.૧૪૭.૪૦ અને જસત જુલાઈ વાયદો રૂ.૧૬૮.૪૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭.૯૦ (૪.૭૦ ટકા) વધી રૂ.૧૭૬ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૨,૯૫૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૦૯૭ અને નીચામાં રૂ.૨,૯૦૨ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૭૯ (૨.૬૫ ટકા)ની ભાવવૃદ્ધિ સાથે બંધમાં રૂ.૩,૦૬૫ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જુલાઈ વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૩૪.૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬.૧૦ (૪.૫૦ ટકા) ઘટી રૂ.૧૨૯.૪૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના બંને વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૩૦થી રૂ.૬૦ની રેન્જમાં ઘટ્યા હતા. કોટનનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૬,૧૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૧૯૦ સુધી અને નીચામાં રૂ.૧૫,૮૦૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૬,૧૮૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૬૦ (૦.૩૭ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૧૬,૧૨૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૮૪ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૯૮૪.૫૦ અને નીચામાં રૂ.૯૬૧ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૯૮૫ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨૦.૫૦ (૨.૦૮ ટકા) ઘટી રૂ.૯૬૪.૫૦ના સ્તરે બંધ થયો હતો.ક્રૂડ પામતેલ (સીપીઓ)ના ત્રણેય વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૨૭.૨૦થી રૂ.૨૮.૯૦ની રેન્જમાં વધ્યા હતા. સીપીઓનો જુલાઈ વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૬૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૭.૨૦ (૪.૦૪ ટકા) વધી રૂ.૭૦૦.૧૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૭૦૫ અને નીચામાં રૂ.૬૬૬.૮૦ બોલાયો હતો.

મેન્થા તેલના બંને વાયદા કિલોદીઠ રૂ.૮થી રૂ.૧૩.૭૦ જેટલા નરમ હતા. મેન્થા તેલનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૭૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૯૮૮.૯૦ અને નીચામાં રૂ.૯૬૦.૮૦ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૩.૭૦ (૧.૪૧ ટકા) ઘટી બંધમાં રૂ.૯૬૧ના ભાવ થયા હતા.

કામકાજની દ્દષ્ટિએ સપ્તાહ દરમિયાન સોનાના વાયદાઓમાં ૨,૫૯,૪૫૮ સોદાઓમાં રૂ.૪૨,૧૩૬.૩૭ કરોડનાં ૮૫.૮૯૭ ટન, ચાંદીમાં ૧૨,૯૩,૬૪૪ સોદાઓમાં રૂ.૪૯,૯૦૬.૯૫ કરોડનાં ૯,૫૧૬.૨૯૫ ટન, તાંબામાં ૧,૦૮,૩૦૦ સોદાઓમાં રૂ.૧૫,૪૯૮.૧૦ કરોડનાં ૩,૧૧,૦૯૨.૫૦૦ ટન, નિકલમાં ૭૮,૮૫૦ સોદાઓમાં રૂ.૧૩,૦૭૨.૬૦ કરોડનાં ૧,૨૮,૩૭૯ ટન, એલ્યુમિનિયમમાં ૧૦,૦૮૬ સોદાઓમાં રૂ.૭૪૦.૦૦૬ કરોડનાં ૫૩,૧૯૦ ટન, સીસામાં ૧૭,૫૩૬ સોદામાં રૂ.૧,૪૨૬.૮૭ કરોડનાં ૯૬,૭૮૫ ટન, જસતમાં ૬૨,૦૮૫ સોદાઓમાં રૂ.૫,૮૫૮ કરોડનાં ૩,૩૭,૮૨૦ ટન, ક્રૂડ તેલમાં ૩,૩૮,૮૧૧ સોદાઓમાં રૂ.૧૫,૭૧૭.૭૫ કરોડનાં ૫,૨૦,૫૭,૯૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૫,૨૯,૯૯૦ સોદાઓમાં રૂ.૧૫,૪૨૭.૬૭ કરોડનાં ૧,૧૫,૫૯,૫૨,૫૦૦ એમએમબીટીયૂ, કપાસમાં ૩૩૧ સોદાઓમાં રૂ.૮.૦૬ કરોડનાં ૧,૬૫૬ ટન, કોટનમાં ૩,૦૧૨ સોદામાં રૂ.૧૭૨.૧૫ કરોડનાં ૧,૦૬,૯૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૨,૪૯૫ સોદાઓમાં રૂ.૧,૨૪૬.૯૮ કરોડનાં ૧,૮૧,૯૦૦ ટન અને મેન્થા તેલમાં ૨૩૭ સોદાઓમાં રૂ.૨૫.૬૧ કરોડનાં ૨૬૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૨૧ ટન, ચાંદીમાં ૫૩૮.૪૪૩ ટન, તાંબામાં ૧૯,૧૬૨.૫૦૦ ટન, નિકલમાં ૧,૯૪૫.૫૦૦ ટન, એલ્યુમિનિયમમાં ૪,૯૫૦ ટન, સીસામાં ૩,૧૨૦ ટન, જસતમાં ૧૧,૬૪૦ ટન, ક્રૂડ તેલમાં ૧,૭૬,૫૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૨,૨૧,૫૫,૦૦૦ એમએમબીટીયૂ, કપાસમાં ૬૮૮ ટન, કોટનમાં ૧,૧૫,૬૫૦ ગાંસડી, સીપીઓમાં ૭૬,૭૬૦ ટન, એલચીમાં ૧ ટન અને મેન્થા તેલમાં ૧૪૬ ટનના સ્તરે રહ્યો હતો.

### ભારત-અમેરિકાએ સહયોગ માટે હસ્તાક્ષર કર્યા

# ભારત પોતાનું કાચુ તેલ અમેરિકાના પેટ્રોલિયમ ભંડારોમાં સંગ્રહ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૮

છેલ્લા કેટલાક દિવસોથી ડીઝલ અને પેટ્રોલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશની રાજધાની દિલ્હીમાં તો પેટ્રોલ કરતા પણ ઉંચી કિંમતે ડીઝલ વેચાઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત નિશ્ચિત ક્ષેત્રમાં હોવા છતા આવી સ્થિતિ જોવા મળી રહી છે. સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોમાં ચઢ ઉતરની સીધી અસર ભારતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો પર જોવા મળે છે.

કોઈ પણ કારણસર જો આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ ઉંચકાય તો ભારતમાં પણ પેટ્રોલ, ડીઝલના ભાવોમાં ઉછાળાની આશંકા રહે છે. આ સ્થિતિનો સામનો કરવા માટે સરકારે એક નવી યોજના ઘડી છે. પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના કહેવા પ્રમાણે ભારત કોઈ પણ પ્રકારના પુરવઠા બાધ કે કિંમત વૃદ્ધિની સ્થિતિનો સામનો કરવા માટે પોતાનું કાચુ તેલ અમેરિકાના વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારોમાં રાખવાની તૈયારીમાં છે.

આ મુદ્દે ભારત અને અમેરિકા વચ્ચેની વાત ખૂબ આગળ વધી ગઈ છે. ધર્મેન્દ્ર પ્રધાનના કહેવા પ્રમાણે બંને દેશોએ વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારણ મામલે સહયોગ માટે સહમતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. અમેરિકાના વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારમાં ૭૧.૪ કરોડ બેરલ તેલની ભંડારણ ક્ષમતા છે. આ સંકટ સમયે કાચા તેલ માટેની વિશ્વની સૌથી મોટી પુરવઠા વ્યવસ્થા છે.

તેની સરખામણીએ ભારતમાં ત્રણ જગ્યાએ ભૂમિગત ભંડારણ ક્ષમતા ૫૩.૩ લાખ ટન (આશરે ૩.૮ કરોડ બેરલ) છે. પૂર્વીય અને પશ્ચિમી તટીય વિસ્તારોમાં આવેલા આ ભંડાર કેન્દ્રોમાંથી માત્ર ૯.૫ દિવસની જરૂરિયાત પૂરી થઈ શકે છે. ભારત અમેરિકામાં સંગ્રહ કરશે તો તેનો એક ફાયદો એ થશે કે જયારે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કિંમતોમાં ખૂબ ઉતાર ચઢાવ હશે કે પછી પુરવઠા બાધ હશે તો તેનો ઉપયોગ થઈ શકશે.

ભારત માટે અમેરિકા છઠ્ઠા નંબરનું સૌથી મોટું તેલ સપ્લાયર છે. ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન ભારતને અમેરિકાનો તેલ પુરવઠો ૧૦ ગણો વધીને ૨.૫ લાખ બેરલ પ્રતિ દિવસ થઈ ગયો છે.

# અમેરિકાના યુધ્ધાભ્યાસથી ફફડેલા ચીને સાઉથ ચાઈના સીમાં લડાકુ વિમાનો તૈનાત કર્યા

*વૉશિંગ્ટન/બેઈજિંગ,તા.૧૮*

સાઉથ ચાઈના સીમાં ચીન અને અમેરિકા વચ્ચે તનાવ વધી રહ્યો છે.અમેરિકા અહીંયા પોતાના બે જંગી એરક્રાફ્ટ કેરિયર સહિતના યુધ્ધ જહાજો સાથે યુધ્ધાભ્યાસ કરી રહ્યુ છે.

જેના પગલે ફફડી ઉઠેલા ચીને સાઉથ ચાઈના સીમાં બનાવેલા કૃત્રિમ ટાપુઓ પર લડાકુ વિમાનો તૈનાત કરવા માંડ્યા હોવાનુ સેટેલાઈટ તસવીરોમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ છે.

ચીને સાઉથ ચાઈના સીમાં એક ટાપુ પર ચાર જે-૧૧બી પ્રકારના અને બાકીના બોમ્બર વિમાનો તૈનાત કર્યા છે.આ લડાકુ વિમાનો અમેરિકાના યુધ્ધ જહાજોને જરુર પડે તો નિશાન બનાવવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમ છે.જે જગ્યાએ આ વિમાનો તૈનાત કરાયા છે તે વૂડી ટાપુ પર પહેલી વખત આટલા મોટા પાયે ચીને લશ્કરી ગતિવિધિઓ શરુ કરી છે.

જોકે અમેરિકાને આ બધાથી ઝાઝો ફરક પડયો હોય તેમ લાગ્યુ નથી.અમેરિકાએ યુધ્ધાભ્યાસનો બીજો તબક્કો પણ શરુ કરી દીધો છે.આ અગાઉ પહેલા તબક્કામાં ૪ થી ૧૦ જુલાઈ દરમિયાન અમેરિકાના યુધ્ધ જહાજોએ સાઉથ ચાઈના સીમાં યુધ્ધાભ્યાસ કર્યો હતો.

જાણકારોનુ માનવુ છે કે, અમેરિકાના ડરને આગળ ધરીને હવે ચીને સાઉથ ચાઈના સીનુ ઝડપથી સૈન્યીકરણ કરવામ માંડ્યુ છે.આ ટાપુ પર ચીનને ફાઈટર વિમાનો તૈનાત કરવાનુ બહાનુ મળી ગયુ છે.ચીનના આ પગલાથી મલેશિયા, વિયેતનામ, ઈન્ડોનેશિયા જેવા પાડોશી દેશો દહેશતમાં આવી ગયા છે.

સાઉથ ચાઈના સીના પેટાળમાં ખનીજો અને તેલના ભંડારો હોવાનુ મનાય છે.જેના કારણે આ વિસ્તાર પર ચીન પોતાનો દાવો ઠોકી રહ્યુ છે.જોકે તેની સામે ચીનના પાડોશી દેશો વિરોધ નોંધાવી રહ્યા છે અને તેમને અમેરિકાનો સાથ મળી રહ્યો છે.

# ભારતમાં ૨૭.૩ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા: યુનો

યુએન,તા.૧૮

ભારતમાં ૨૦૦૫-૦૬ અને ૨૦૧૫-૧૬ દરમિયાન અંદાજે ૨૭.૩ કરોડ લોકો વિવિધ પ્રકારની ગરીબીમાંથી બહાર આવ્યા હતા, એમ સંયુક્ત રાષ્ટ્રસંઘના એક અહેવાલમાં જણાવાયું હતું. આ અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે ભારતમાં આ કેટેગરીમાં આવતા અનેક લોકોની સંખ્યામાં ઘટાડો થયો હતો.યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) અને ઓક્સફોર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશ્યટિવ (ઓપીએચઆઇ) દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર ૨૦૦૦થી ૨૦૧૯ દરમિયાન ૭૫માંથી ૬૫ દેશમાં વિવિધ પ્રકારની ગરીબીનું પ્રમાણ ઘટ્યું છે. વિવિધ પ્રકારની ગરીબીને ગરીબ લોકો દ્વારા સહન કરવામાં આવતી સમસ્યાઓના આધારે વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

# કોરોનાના કેસો વધતાં વિશ્વના અનેક દેશોએ નવેસરથી લગાવ્યા પ્રતિબંધો,નાઈટ કલ્બ-જીમ બંધ

### ઘરેલુ પર્યટનને વેગ આપવા આવેલી છૂટને ટોકિયોએ પરત લઈ લીધી, ઈઝરાયલમાં બે દિવસ સ્ટોર, મોલ, સલૂન, પર્યટન સ્થળ બંધ

*લંડન,તા.૧૮*

દુનિયામાં અત્યાર સુધીમાં ૨૧૩ દેશો કોરોના સંક્રમણની ચપેટમાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨.૩૬ લાખ નવા કેસ સામે આવ્યા છે., જ્યારે ૫૪૬૮ લોકોના મોત થયા છે. જેને લઈ અનેક દેશોએ નવા પ્રતિબંધો મુક્યા છે.ઈઝરાયલમાં એક જ દિવસમાં ૧૯૦૦ નવા મામલા સામે આવ્યા બાદ ફરીથી પ્રતિબંધો મુકી દેવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી બેંજામિન નેતન્યાહએ લોકડાઉનને લઈ વચગાળાના પગલાની જાહેરાત કરી છે. જે મુજબ સપ્તાહના અંતિમ બે દિવસ સ્ટોર, મોલ, સલૂન, પર્યટન સ્થળ બંધ રહેશે.જાપાનની રાજધાનીમાં શુક્રવારે એક જ દિવસમાં ૨૯૩ મામલા આવ્યા હતા. જે બાદ ઘરેલુ પર્યટનને વેગ આપવા આવેલી છૂટને ટોકિયોએ પરત લઈ લીધી છે.

સ્પેનના ઉત્તર અરેગન અને કાતાલૂનિયામાં નવા મામલા સામે આવ્યા છે. બાર્સિલોનામાં લોકોને ઘરમાં જ રહેવાનું કહેવાયું છે. આ ઉપરાંત નાઈટ ક્લબ, જિમ બંધ કરી દેવામાં આવ્યા છે.ઓસ્ટ્રેલિયાએ પણ સૌથી ગીચ વસ્તી ધરાવતા રાજ્ય ન્યૂ સાઉથ વેલ્સે પ્રતિબંધ વધારવાની જાહેરાત કરી હતી. વિશ્વમાં સૌથી વધારે સંક્રમણ ધરાવતા દેશોમાં છઠ્ઠા ક્રમે રહેલા સાઉથ આફ્રિકાની સરકારે કેટલાક પ્રતિબંધો લગાવવાની જાહેરાત કરી છે.કોરોના સંક્રમણના આંકડા પર નજર રાખતી વેબસાઈટ વર્લ્ડોમીટર મુજબ, દુનિયામાં એક કરોડ ૪૧ લાખથી વધુ લોકો સંક્રમિત છે, જ્યારે મૃતકોની સંખ્યા પાંચ લાખ ૯૯ હજારને પાર પહોંચી છે. સ્વસ્થ થયા દર્દીઓની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે અને અત્યાર સુધીમાં ૮૪ લાખથી વધુ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. દુનિયાભરમાં હાલ પણ ૫૧ લાખ એક્ટિવ કેસ છે અને તેની સારવાર ચાલી રહી છે.



નવી દિલ્હીના સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર ખાતે કોરોનાના દરદીઓ માટે ઇન્ડો-તિબેટ બોર્ડર પોલીસ દ્વારા યોજાયેલો યોગનો કાર્યક્રમ.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"વિજેતા પરિણામ

પદ્ય વિભાગ

૧)NG NO-0016
જયેશ ઓઝા શીર્ષક -હા!છેતરાયો છું

૨)NG NO-0032
મીના માંગરોલીયા "મીનુ" શીર્ષક -કાચી માટીનું કોડિયું

૩)NG NO-0026
અંજના ગાંધી "મૌનું" શીર્ષક -તમે માનશો?

૪)NG No-0039
પ્રફુલ્લા પ્રસન્ના શીર્ષક -કામણગારો કુંભાર

ગદ્ય વિભાગ

૧)NG NO-0020
ભાવના પટેલ "વલસાડી વાદળ" શીર્ષક- ઘડતર

૨)NG NO-0031
મેઘલ ઉપાધ્યાય શીર્ષક -થાપ

૩)NG NO-0033
ટેલર કૃણાલ શીર્ષક-ઘડતર

૪)NG NO-0058
પ્રીતિ શાહ શીર્ષક -રોટલો

વજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ ...ન્યુઝ ઓફ ગાંધીનગર .સાહિત્ય વિભાગ

ૃચત્ર પરથી ગઝલ..વિભાગ - પદ્ય ...ઘડતર - મારા વિચાર
શિર્ષક - તમે માનશો?
N. G. NO /0026

---

લગાગા ૫ લગા મુતકારિબ છંદ.

ઘડી ઘાટ માટીનાં રોજી રળું છું, તમે માનશો?
પસીનો વહાવી હું એમાં ભળું છું, તમે માનશો??
ઘડા દીવડાં ને હું લટકણ બનાવું ને વહેંચું પછી!
પરિવાર સાથે સુખે થી હળું છું, તમે માનશો??
પ્રભુ રોજ ઘડતર એ માટીથી માનવ નું કરતાં અહીં!
હું માટીની કાયા ખરું, ઓગળું છું તમે માનશો ??
હું તોરણ, દીવાઓ, ઘડા ઓ બનાવું પછી વહેંચતો!
બધાં લોકને હું શુકનમાં ફળું છું તમે માનશો??
ગયાં લોક જે ગામ છોડીને મારું કહું શું હવે?
નિરંતર વ્યથા આ ધરાની કળું છું તમે માનશો??
અંજના ગાંધી "મૌનું" વડોદરા

---

ચિત્ર પરથી કવિતા
NG/ 39
વિભાગપદ્ય - અછાંદસ
શીર્ષક-- કામણગારો કુંભાર

ઈશ્વર સરીખો કામણગારો રે કુંભાર,
ઘાટ કેવા નીતનવા ઘડે રે કુંભાર!
પલાળી, રૌંદી, ગુંદીને તૈયાર રે કરી,
પીંડ બનાવી માટીને ચાકડે ચઢાવી રે દીધી,
પ્રેમે પ્રસારી હાથેથી સુંદર ઘાટ રે ઘડયાં,
ચાકડેથી ઉતારી ટક ટક ટકોરે ટપારિયા,
પાકા કરવા ઘાટને નીભાડે રે નાંખ્યાં,
નીભાડે ધગધગે લાલ લ્હાય રે અગન,
મારી ટકોરા આપ્યાં પાકા પંડના પ્રમાણ,
ઘાટ જોઈ જોઈને કુંભાર રે હરખાય,
દાતણની પીંછીથી ચિતર્યો કળાયેલ મોર
ટકા, બે કે પાંચ લઈ, વેચે માલ અણમોલ,
ઈશ્વરે માટીને એમ જ ચાકડે ચઢાવી,
માનવ ઘડીને નાંખ્યો જીવતરની ભઠ્ઠીમાં ,
અવનવા ઘાટ ઘડી પૂર્યા એમાં પ્રાણ
જેટલાં ઝાઝેરા માથા,એટલા ઝાઝા એના ઘાટ,
ફરે છે દિન રાત ચાકડો સમયનો,
ઘડે, ભાંગે, પાછો ઘડે કુંભાર ઈશ્વરનો,
હતાં ઘડુલીયા અમે કાચી રે માટીનાં;
અગનમાં તપી થઈ ગયાં પાકા કાંઠાના.
પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

---

NG/0032....વિભાગ પદ્ય..શીર્ષક:- કાચી માટીનું કોડિયું

એવા રે સબંધ કાચી માટીના કોડિયા જેવા, ઘડતર અને જડતર કર્યુ કાળા માથાના માનવીએ.
કાચી માટીનું કોડિયું બોલ્યુ હુતો બોલુ બોલુને મૌન થાવ આંસુઓને ડાબલીમા છૂપાવી છૂપાવી ચડયો કેસર કેરો રંગ.આંખો છલકાઈ અને હોઠ મલકાઇ જયા બેઠુ છે છૂપાઈ ને કોઈ....
કાચી માટીનું કોડિયું બોલ્યું, હુંતો બોલુ બોલુને મૌન થાવ.
મારો આત્મા જ મારો જલતો દીવો.
પવનની સાથે ઓલવાઈ જાવ...
પવનની આછી લહેરખીમાં વિંઝાતા પવને બૂઝાતો બૂઝાતો પ્રગટી જાવ.......
હુ નાનકડો મારુ નામ પણ નાનુ........
કયારેક અંધારામાં ઉજાસ પાથરુ......
એવારે સબંધ કાચા માટીના કોડિયા જેવા, ઘડતર અને જડતર કર્યુ કાળા માથાના માનવીએ.
મીનામાંગરોલીયા મીનુ
અમદાવાદ.૧૫/૭/૨૦૨૦

---

શબ્દ સ્પર્ધા :- ઘડતર
NG/0016
વિભાગ :- પદ્ય
શીર્ષક :- હા!છેતરાયો છું...(પદ્ય - અછાંદસ)

હા!છેતરાયો છું,ક્યાંક ગજા બહાર વેતરાયો છું
અફળાયો!અથડાયો ! ક્યાંક વળી પછડાયો છું.
હા!છેતરાયો છું...
ક્યાંક હાથવેંત છેટું ! ક્યાંક કોળિયો મોઢેથી ઝુંટવાયો છે
શું પામ્યું?શું ગુમાવ્યું?એ વિમાસણમાં અટવાયો છું.
હા!છેતરાયો છું...
કોઈ સ્નેહી ! કોઈ વેરીથી ! ખપ પૂરતો વપરાયો છું
સજન-સ્વજન શું કહું? ખુદથીય ક્યાંક ભુલાયો છું.
હા!છેતરાયો છું...
કીડી-કરોળિયાને જોઈ મુસીબતોને બાથે ભીડાયો છું
ક્યારેક તૂટ્યો ! વળી સંધાયો ! આમ જ હું ઘડાયો છું.
હા!છેતરાયો છું,ક્યાંક ગજા બહાર વેતરાયો છું
અફળાયો!અથડાયો ! ક્યાંક વળી પછડાયો છું.
જયેશ ઓઝા "અગન"


---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા,પ્રણવ ઝાંખર

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા વિઠ્ઠલ દાસ પાંચોટિયા



અભિનેતા,નિર્માતા,લેખક,દિગ્દર્શક,સંગીતકાર,નૃત્યકાર અને જાદુગર શ્રી વિઠ્ઠલદાસ હરજીવનદાસ પાંચોટિયા નો જન્મ સને ૧૯૦૪ માં વડનગર માં થયો હતો. તેમના પિતા એક નાટક કંપની ચલાવતા હતા એ કારણે એમને નાટક નો નાદ લાગ્યો હતો.

૧૯૧૪ માં તેઓ કરાંચી માં મોહનલાલ ની નાટક કંપની માં જોડાયા.ત્યાં બિલ્વમંગલ અને કબિરકમાલ નામના નાટકો માં ભાગ લીધો.આ કંપની બંધ થયા બાદ તેઓ મુંબઇ માં પ્લે હાઉસ પર આવેલી " વિક્ટોરિયા થીએટર"માં ચાલતી "ઘી ન્યૂ આલ્ફ્રેડ નાટક કંપની "માં જોડાયા અને ત્યાં તેમણે નૃત્ય માસ્તર ભોગીલાલ નાયક ના હાથ નીચે નૃત્ય ની તાલીમ લીધી.

તે પછી ૧૯૧૭ માં રંગૂન માં એમ્પાયર થીએટ્રિકલ કંપની માં જોડાયા.ત્યાં સંગીત દિગ્દર્શક નાગરદાસ નાયક પાસે સંગીત ની તાલીમ લઈ ને ત્યાં સંગીત શાળા ચલાવી. ૧૯૨૦ થી જ એમણે મૂંગી ફિલ્મો માં અભિનય આપવા માંડ્યો હતો. પ્રોફેસર શર્મા પાસે જાદુ ની કળા શીખી ને જાદુ ના પ્રયોગો કર્યા હતા.

લૈલા મજનું, ચંદ્રહાસ અને પતિ-ભક્તિ માં અભિનય આપી ને એમણે સારી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.પોતે લખેલા નાટકો "બલિદાન" "ગોરક્ષા"રાક્ષશી રમા" અને ઘરવાળી ભજવ્યા..૧૯૨૬ માં કોમેડી ફિલ્મ"રંગ રાખ્યો"એમણે બનાવી.પોતેજ લખેલ,દિગ્દર્શક કરેલ અને મુખ્ય પાત્ર ભજવેલ "નસીબ ના નખરા" ફિલ્મ રજૂ કરી.

ગેઇબી સવાર અને સખી લુટેરા અને કાયા પલટ ફિલ્મો બનાવી. બોલતી ફિલ્મો નો યુગ શરૂ થયો ત્યારે કલકત્તા જઈને "મુફલિસ આશિક"નામનું જે ચિત્ર બનાવ્યું તે બોલતી ફિલ્મ ના યુગ માં કોમેડી તરીકે પહેલી ફિલ્મ હતી.૧૯૩૪ માં "ઇન્સાફ કી તોપ"ગેબી ગોલા"અને ગરીબ કી તોપ ફિલ્મો બનાવી. ૧૯૩૬ માં "કર્મવીર"અને ૧૯૩૯ માં "તકદીર કી તોપ' ફિલ્મ રજૂ કરી. ૧૯૪૦ માં "વાહ બેટે"અને "ધનના ભગત" ચિત્રો બનાવ્યા.

૧૯૪૫ માં "ખુશ નસીબ" ફિલ્મ નું નિર્માણ કર્યું. શ્રી દેવકી બોઝ ના "રામાનુજ"ફિલ્મ માં "લંબકર્ણ " નું પાત્ર ભજવ્યું. શાંતિ દેવતા અને અલીબાબા નાટક માં ભાગ ભજવ્યો અને ઘર કી નુમાઈશ ફિલ્મ બનાવી. ૧૯૫૪ માં "શ્રીમદ્ ભાગવત મહિમા" અને પ્રભુ કી માયા નામની ફિલ્મ બનાવી. ૧૯૫૧ માં રવીન્દ્રનાથ ટાગોરની લખેલ વાર્તા પર થી ફિલ્મ "ફુલવારી " ઉતારી.

મહાત્મા ગાંધીજી ના જીવનદર્શન વાળુ નાટક "શાંતિ દેવતા" એમણે રજૂ કર્યું.૧૯૫૮ માં "સર્વોદય કલા મંડળ" ની સ્થાપના કરી ને તેના આશ્રયે "ઘરવાળી"અને "બેઘર" નાટકો રજૂ કર્યા. છેલ્લે છેલ્લે તેમણે દેવાનંદ ની ફિલ્મ "ગાઈડ" માં નાની ભૂમિકા ભજવી.

ઘનશ્યામ વ્યાસ

સૌજન્ય -ગુજરાતી રંગભૂમિ ના ઘડવેયા.

# ૯૦ વર્ષની જૈફ વયે નાગરિક ધર્મની ઉમદા મિસાલ બન્યા હારીજના મોંઘીબેન પ્રજાપતિ



લોકડાઉન દરમ્યાન જીવનભરની વ્યક્તિગત બચતમાંથી રૂ.૦૧ લાખના ખર્ચે તૈયાર કરેલી રાશનકિટ વિતરણ કરી ૨૦૦ જરૂરિયાતમંદ પરિવારોની ભૂખ ભાંગ

જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ દ્વારા પ્રશસ્તિ પત્ર અર્પણ કરી મોંઘીબેનની ઉન્નત ભાવનાને બિરદાવવામાં આવી

વૃદ્ધાવસ્થા એટલે સ્વ અને સ્વાર્થ ના સંકુચિત નાનકડા વર્તુળના કેન્દ્રમાંથી દૂર પરીઘમાં જવાની પ્રક્રિયા. 'મારા'માંથી 'આપણું સર્વ'નું કરવાની અવસ્થા. જેને સુપેરે સાર્થક કરી છે હારીજના મોંઘી બાએ.જીવનના નવ દસકા પસાર કરી ચુકેલા મોંઘીબેન ઈશ્વરભાઈ પ્રજાપતિએ કોરોના મહામારીના કપરા કાળમાં લોકસેવાનો અલખ જગાવ્યો. જીવનભરની વ્યક્તિગત બચતમાંથી મોંઘીબેને રૂપિયા એક લાખ જેટલો ખર્ચ કરી જરૂરિયાતમંદ લોકોની ભૂખ ભાંગી. મોંઘીબેનની આ ઉત્કૃષ્ટ લોકસેવાને જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ દ્વારા પ્રશસ્તિ પત્ર અર્પણ કરી બિરદાવવામાં આવી.

કોરોના વાયરસ મહામારીને નાથવા સમગ્ર દેશમાં લોકડાઉન અમલી કરવામાં આવ્યું. ધંધા-રોજગાર બંધ થવાની સાથે છૂટક મજૂરી કરી પેટિયું રળતાં પરિવારોને જીવનનિર્વાહ માટે બે ટંકનો રોટલો મેળવવો મુશ્કેલ બન્યો. આવા સમયમાં જિલ્લા વહિવટી તંત્રની પડખે રહી રાશનકિટનું વિતરણ કરી સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રબુદ્ધ નાગરિકો જરૂરિયાતમંદ લોકોની વહારે આવ્યા. માનવતાના આ સેવાયજ્ઞમાં મોંઘીબેને પણ પોતાની મહામૂલી આહૂતિ આપી.

પતિના અવસાન બાદ ખેતી કામ કરીને ઘર ચલાવનારા ગંગાસ્વરૂપ મોંઘી બા ખૂબ સહજતાથી કહે છે કે, મુશ્કેલની આ સમયમાં જરૂરિયાતવાળા લોકોને મદદ કરવી એ મારી ફરજ છે. આ ઢળતી ઉંમરે મારે પૈસાની જરૂરિયાત છે એના કરતાં વધારે જરૂર આ પરિવારોને બે ટંકનો રોટલો મળે તે માટે હતી. ઈશ્વરે કદાચ આ પુણ્ય કરવા માટે જ મને દિર્ઘાયુ આપી હશે.પાટણ જિલ્લાના હારીજ ખાતે રહેતાં મોંઘીબેને ૧૦ કિલો ઘઉં સહિતની સામગ્રી સાથેની ૨૦૦ જેટલી રાશનકિટ તૈયાર કરાવી. સ્થાનિક યુવાનોની મદદથી જરૂરિયાતમંદ પરિવારોને આ રાશનકિટ પહોંચાડવામાં આવી. જેના માટે તેમણે જીવનભરની વયક્તિગત બચતમાંથી રૂ.૦૧ લાખનો ખર્ચ કર્યો.


આવા આપદાના સમયમાં નાગરિકધર્મ અને માનવતાની ઉમદા મિસાલ કાયમ કરનારા મોંઘીબેનની પ્રેરણારૂપ કામગીરીને જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ દ્વારા બિરદાવવામાં આવી. સમીના પ્રાંત અધિકારીશ્રી અમિતભાઈ પરમાર દ્વારા ૯૦ વર્ષની જૈફ વયે પહોંચેલા મોંઘીબેનના ઘરે રૂબરૂ જઈ તેમને પ્રશસ્તિ પત્ર અને સાલ અર્પણ કરવામાં આવ્યા. જિલ્લા વહિવટી તંત્ર વતી તેમના નિરામય દિર્ઘાયુ જીવન માટે શુભેચ્છા પાઠવવાની સાથે આયુર્વેદિક ઉકાળા, હોમિયોપેથી દવા અને વિટામિન-સી ટેબલેટ્સની કીટ પણ આપવામાં આવી. વૃદ્ધાવસ્થા સાથે જીર્ણ થતા શરીરમાં માનવસેવાની વિરાટ ભાવનાને સમાવી બેઠેલા મોંઘીબેન જેવા વરિષ્ઠ નાગરિકો જ આ રાષ્ટ્ર અને રાજ્યના પાયાના પથ્થર છે. અને એટલે જ તો ગુજરાતમાં છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડી સૌનો સાથ સૌનો વિકાસ ની વિભાવના સાર્થક કરી શકાઈ છે. તો ચાલો આપણે પણ કોઈને મદદરૂપ થઈ મોંઘીબેનની જેમ નાગરિક ધર્મના પ્રહરી બનીએ

# વિવેકાનંદ યુવા કેન્દ્ર,ગોખરવા દ્વારા સરહદ પરના દેશના સૈનિકો માટે રાખડીઓ ખરીદવાના કાર્યક્રમ યોજાયો



મોટી ઈસરોલ, તા.૧૮

આજરોજ પહેલી રાખી દેશ પ્રેમ કી.. કાર્યક્રમ અંતર્ગત સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર,ગોખરવા દ્વારા સરહદ પરના દેશના સૈનિકો માટે રાખડીઓ ખરીદવાનો એક કાર્યક્રમ જિલ્લા પંચાયત સદસ્યા કમળાબેન પરમારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં દિનેશભાઈ પરમાર તેમજ યુવાકેન્દ્રના સભ્યો તથા તાલુકા સંયોજક હાજર રહ્યા હતા.




# કેન્દ્ર સરકારની વારંવાર આવતી સમિતિઓ સાચા અર્થમાં દર્દીઓને અપાતી સારવારનું નિરીક્ષણ કરવા આવે છે કે ક્લીનચીટ આપવા આવે છે એ સમજાતું નથી- જયરાજસિંહ

**કેન્દ્રની ટીમ અવાર નવાર આવી રાજ્યની જનતાની મશ્કરી કરીને જતી રહે છે અને જનતાની મુશ્કેલીઓ ઠેર ના ઠેર રહે છે.**

કેન્દ્રની ટીમ અવાર નવાર આવી રાજ્યની જનતાની મશ્કરી કરે છે અને ગુજરાત સરકાર કોરોનાને નાથવામાં નિષ્ફળ રહી છે. કેન્દ્ર સરકારની અલગ અલગ સમિતિઓ અવાર નવાર ગુજરાતની મુલાકાતે આવે છે અને અમદાવાદની એસ.વી.પી. અને સીવિલ હોસ્પીટલ તથા અન્ય સરકારી હોસ્પીટલની મુલાકાત લે છે અને સાચા અર્થમાં ખામીઓ કે સૂચનો કરવાને બદલે જાણે કે × ક્લીન ચીટ આયોગ × હોય એમ માત્ર દેખ રેખ જોઈ ક્લીન ચીટ આપી પરત ફરે છે. વારંવાર આવતી આ જુદી જુદી સમિતિઓ સાચા અર્થમાં કોરોનાની થતી સારવાર અને સરકારના વ્યવસ્થાપનને જોવા માટે આવે છે કે માત્ર જનતાની આંખમાં ધુળ નાખવા આવે છે એ સમજાતું નથી.

કેન્દ્રમાંથી આવતી આ સમિતિઓ જો ખરેખર જનતાની સુખાકારીની ચિંતા માટે કે સાચી સારવાર પદ્ધતિનું નિરીક્ષણ કરવા આવી હોત તો તંત્રને પૂછ્યું હોત કે હજુ ગુજરાત ટેસ્ટીંગમાં કેમ ૨૧ મા ક્રમે છે ? પરંતુ અફસોસ કે આ સવાલ કર્યો નથી. ગુજરાત દેશમાં મૃત્યદરમાં કેમ સૌથી અગ્રેસર છે તે સવાલ કર્યો નથી. સ્મશાનના આંકડા કેમ આપવના બંધ કરવામાં આવ્યા તે સવાલ સમિતિએ કર્યો નથી. સિવિલ હોસ્પીટલમાં વેન્ટીલેટરની સ્થિતિ, ધમણની સ્થિતિ અને દર્દીઓને પડતી હાલાકીના સવાલ પુછવાના બદલે માત્ર વ્યવસ્થા સારી છે એના જ ગુણગાન ગાઈ ને નીકળી જાય છે અને પ્રજાની હાલાકી એના એજ રહે છે. જો વ્યવસ્થા જ સારી હતી તો કેમ ટીમ મુલાકાતે આવી ?

જો બધી વ્યવસ્થા સારી જ છે તો કેમ રાજયમાં કોરોનાનો આંક વધી રહ્યો છે ??ગુજરાતમાં કોરોનાના દર્દીઓનો આંક ૫૦ હજારને પહોચવા થયો ત્યારે ગુજરાત સરકારનું વ્યવસ્થાપનતંત્ર અને આરોગ્ય તંત્ર શુ કરે છે ? તેના જવાબ ગુજરાતની જનતા જાણાવા માંગે છે.

કેન્દ્રની ટીમ અવાર નવાર આવી રાજયની જનતાની મશ્કરી કરીને જતી રહે છે અને જનતાની મુશ્કેલીઓ ઠેર ના ઠેર રહે છે..

જયરાજસિંહ પરમાર
પ્રવક્તા-ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
#jayrajkuvar

# માર્ચ સુધીમાં તૈયાર થઈ જશે કોરોનાની વેક્સીનઃ ઝાયડસ કેડિલા

અમદાવાદ,તા.૧૮

અમદાવાદની કંપની ઝાયડસ કેડિલા હેલ્થકેર લિમિટેડે ૧૫ જુલાઈથી કોવિડ -૧૯ વેક્સીનની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે. આ માહિતી આપતા ઝાયડસ કેડિલાના ચેરમેન અને એમડી પંકજ આર પટેલે જણાવ્યું હતું કે કોવિડ - ૧૯ ની સંભવિત વેક્સીન ZyCov-D ની ક્લિનિકલ ટ્રાયલ સાત મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, આગામી ત્રણ મહિનામાં ફેઝ વન અને ફેઝ ટુના ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ કરવાની તૈયારી કરી રહ્યા છીએ. તે પછી તેનો ડેટા રેગ્યુલેટરને સોંપવામાં આવશે. ઉપરાંત, કંપની કોરોનાને ઠીક કરવા માટે ઉપયોગમાં લેવાતા સૌથી અસરકારક રેમડેસિવીર બનાવવાની પણ તૈયારી કરી રહી છે.

તેમણે જણાવ્યું કે, રિસર્ચના પરીણામ બાદ ડેટા ઉત્સાહવર્ધક રહ્યા અને પરીક્ષણ દરમિયાન રસી પ્રભાવી રહી તો પરીક્ષણ પૂર્ણ કરવા અને રસી તૈયાર કરવામાં ૭ મહિનાનો સમય લાગશે એવા અંદાજ છે. પટેલે કહ્યું કે અમારો લક્ષ્ય સૌથી પહેલા ભારતીય માર્કેટની માગ પૂરી કરવાનો છે. તેમણે એમ પણ કહ્યું કે જ્યારે એક વેક્સિન તૈયાર થઈ જાય છે ત્યારે તેના પર હ્યુમન ટ્રાયલ કરવામાં આવે છે ત્યાર બાદ ઓછામાં ઓછા ૪-૬ મહિનાનો સમય એટલા માટે લેવામાં આવે છે કે એન્ટીબોડી દર્દીના શરીરમાં એટલા દિવસ છે કેનહીં એ જાણી શકાય શકાય છે.

એક વેક્સિન ત્યારે જ સફળ માનવામાં આવે છે જ્યારે ઓછામાં ઓછા ૬૦ ટકા લોકોમાં ઈમ્યુનિટીને જનરેટ કરી શકે, જે ઉદ્દેશ્યથી તેને તૈયાર કરવામાં આવી છે. ઝાયડસ કેડિલાના ચેરમેન અને એમડી પંકજ આર પટેલે જણાવ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં રેમડેસિવીર બનાવવા માટે તૈયાર છે.

**સાસુ અન વહુ**

દિકરી લગ્ન કરી પુત્રવધુ બની સાસરે આવે
કોડ ભરી હોય કંઇક નખરાં પણ બતાવે
એનો અધિકાર છે જરુર તે અપનાવે
સાસુ ના હોય ખરાબ તે જો સમજાયે
સાસુ ને મા સમ ગણી વર્તન જો થાયે
વહુ જ દિકરી સમજી સાસુ અપનાવે
સાસુ કદીક વહુ હતી તે સમજમાં આવે
વહુ પણ સાસુ બનશે તેવુ ભાન થાયે
એક બીજાના પૂર્વગ્રહ જરુર છૂટી જાયે
પુત્રવધુમાં જો દિકરી નાં દર્શન થાયે
પ્રેમ લાગણી ભર્યો વ્યવહાર અપનાવે
પરિવાર માં ખુશી આનંદ મંગલ થાયે
આશિષ વહુને સાસુ સદાય વરસાવે
માત પિતા પુત્ર પરિવાર હર્ષિત થાયે
"મન" કેનેડા ૧૮-૦૭-૨૦૨૦

### કોરોના સંક્રમણ સામે રક્ષાકવચ તરીકે કામ કરે છે અમૃતપેય ઉકાળા

# દાહોદ જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં ૧૪૦ થી પણ વધુ સ્થળોએ ઉકાળા વિતરણ



(અભેસિંહ રાવલ દાહોદ )

દાહોદ, તા. ૧૮ : દાહોદ જિલ્લામાં છેલ્લા અઠવાડિયાથી કોરોના સંક્રમણના કેસોમાં વધારો થયો છે ત્યારે જિલ્લા તંત્રના વિવિધ વિભાગો દ્વારા કોરોના સામેની કામગીરી વધુ સઘન કરી દેવામાં આવી છે. ખાસ કરીને કન્ટેનમેન્ટ વિસ્તારોની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા પણ છેલ્લા દસ દિવસમાં કન્ટેનમેન્ટ વિસ્તાર સહિત જિલ્લાના ૧૪૦ થી પણ વધુ સ્થળોએ ઉકાળા વિતરણ કરવામાં આવ્યું છે. જેનો ૬૮૮૪૩ નાગરિકોએ લાભ લીધો છે. જિલ્લાના દરેક દરેક તાલુકા સહિત કન્ટેનમેન્ટ વિસ્તારોમાં ઉકાળા વિતરણ મોટા પાયે કરવામાં આવી રહ્યું છે. જેમાં દાહોદના કોરોના સંક્રમણથી સૌથી વધુ પ્રભાવિત ડબગરવાડ, ઘાંચીવાડ ઉપરાંત વિવિધ વિસ્તારો જેવા કે કસ્બા, દાહોદ અર્બન હેલ્થ સેન્ટર, દાહોદ નગરપાલિકા, દેવગઢ બારીયા નગરપાલિકા, ભોઈવાડા, અગાસવાણી ગામ સહિત જિલ્લાના ૧૪૦ થી પણ વધુ વિસ્તારોમાં ઉકાળા વિતરણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને કન્ટેનમેન્ટ વિસ્તારોને ઉકાળા વિતરણ માટે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

દશમુલ ક્વાથ, ગુડુચ્યાદિ ક્વાથ, પથ્યાદી ક્વાથ સમભાગે લઈ અને ત્રીકટુ ચૂર્ણ વગેરે દ્વારા તૈયાર કરવામાં આવતા આ અમુતપેય ઉકાળાથી રોગપ્રતિકારક શક્તિમાં નોંધપાત્ર વધારો થાય છે અને કોરોના સંક્રમણ સામે રક્ષાકવચનું કામ કરે છે.

### કોરોના મહામારી સામે દાહોદ જિલ્લામાં ચાલી રહ્યું છે 'સુરક્ષિત દાદા દાદી – નાના નાની અભિયાન'

# દાહોદ જિલ્લાના ૨ લાખ સિનિયર સિટીઝનની સ્વાસ્થ્ય સંભાળનાં અભિયાનનો આરંભ

અભેસિંહ રાવલ દાહોદ)

આલેખન : મહેન્દ્ર પરમાર




તમારી દવા લીધી કે નહી, દાદા ? દાદી, તમારી તબિયત કેવી છે? તમે વિચારસો કે આ સવાલ કોઈ પૌત્ર-પૌત્રી તેમના દાદા કે દાદી ને પૂછી રહ્યાં હશે. હા. એવું જ છે પણ થોડીક અલગ રીતે. દાહોદ જિલ્લાના ૪૦ થી વધુ સ્વયંસેવકોએ જિલ્લાના બે લાખથી પણ વધુ સિનિયર સિટીઝનની જાણે પોતાના જ દાદા-દાદી હોય તે રીતે સ્વાસ્થસંભાળ માટે 'સુરક્ષિત દાદા દાદી – નાના નાની અભિયાન' ચલાવ્યું છે. આ અભિયાન થકી વરિષ્ઠ નાગરિકો માટે કોરોના સંક્રમણ સામે રક્ષણ ઉપરાંત તેમની અનેક મૂંઝવણોનો પણ ત્વરિત નિકાલ કરાય છે.

વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા, સ્વાસ્થ દરકાર સાથે નીતિ આયોગ, જિલ્લા પ્રશાસન, પિરામલ ફાઉન્ડેશન અને જિલ્લાની મૂલ્યનિષ્ઠ એનજીઓ દ્વારા સંયુક્ત રીતે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન દેશના ૧૧૨ મહાત્વાકાંક્ષી જિલ્લાઓમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ચલાવવામાં આવી રહ્યું છે. દાહોદ જિલ્લામાં પણ ૮ જુલાઈથી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જિલ્લાની એનજીઓ જેવી કે સદગુરૂ ફાઉન્ડેશન, ભગીની સમાજનાં સક્રિય સહયોગ ઉપરાંત નેહરૂ યુવા કેન્દ્રના સ્વયંસેવકો પણ આ ઉમદા કામગીરીમાં જોડાયા છે. અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા સ્વયંસેવકોને તાલીમ આપવામાં આવી છે. આ સ્વયંસેવકો ફોન દ્વારા વરિષ્ઠ નાગરિકોને ઘરમાં કરિયાણું છે કે નહી, કોઈ માનસિક મૂંઝવણ તો નથી અનુભવતા ને ? દવાઓનો સ્ટોક ઘરમાં ઉપલબ્ધ છે કે નહી. કોઈ આર્થિક કે કૌટુંબિક પરેશાની તો નથી ને. એવા પ્રશ્નો દ્વારા તેમની સમસ્યાઓ વિશે માહિતી મેળવી રહ્યા છે. તાલીમ પામેલા સ્વયંસેવકો પોતાના ઘરેથી જ આ કામગીરી કરી રહ્યાં છે. અત્યાર સુધીમાં સ્વયંસેવકોએ ૨૦૦૦ થી પણ વધુ સિનિયર સિટીઝન પાસેથી ફોન દ્વારા તેમની શારીરિક સ્થિતિથી લઈને માનસિક, સામાજિક, કે કૌટુંબિક સમસ્યાઓ બાબતે માહિતી મેળવી છે. જેમાંથી ૧૧૯ સિનિયર સિટીઝનોએ પોતાની સમસ્યાઓ બાબતે મદદ માંગી હતી. જેમાંથી વહિવટી તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરી ૨૦ થી પણ વધુ વરિષ્ઠ નાગરિકોની સમસ્યાઓ દૂર કરવામાં આવી છે અને હજુ પણ ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે. આ સમસ્યાઓમાં મુખ્યત્વે કરીયાણું કે દવાઓના સ્ટોક જેવી સમસ્યાઓ મુખ્ય છે. જિલ્લા કલેક્ટર શ્રી વિજય ખરાડી જણાવે છે કે, દાહોદ જિલ્લો કોરોના મહામારીનો મજબુતાઈથી સામનો કરી રહ્યું છે. વરિષ્ઠ નાગરિકો આ મહામારીથી સંક્રમિત થવાની સૌથી વધુ શક્યતા હોય છે. માટે જિલ્લાના ૨ લાખથી પણ વધુ ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરિકો માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સ્વયંસેવકો ફોન દ્વારા વરિષ્ઠ નાગરિકોને કોરોના સંક્રમણ બાબતે જાગૃત કરે છે. તેમની દવાઓના સ્ટોકથી લઈને પેન્શન પણ નિયમિત મળી રહ્યું છે તેની પુષ્ટિ કરે છે. પિરામલ ફાઉન્ડેશનના અઠવાડિક રીપોર્ટ પરથી જે વરિષ્ઠ નાગરિકો કોઈ સમસ્યાથી પરેશાન હોય તેનું સમાધાન લાવવામાં આવે છે.


નીતિ આયોગ અને પિરામલ ફાઉન્ડેશન ડિવીઝનલ ફેસીલેટર શ્રી મનિષ વિશ્નોઈ જણાવે છે કે, આગામી બે થી ત્રણ મહિનામાં જિલ્લાના દરેકે દરેક વરિષ્ઠ નાગરિકો સુધી ટેલીફોનીક માધ્યમથી પહોંચવામાં આવે છે અને તેમની સમસ્યાઓ ઉકેલવામાં આવશે. આ માટે વધુમાં વધુ સ્વયંસેવકોને જોડવામાં આવી રહ્યાં છે અને જરૂરી તાલીમ આપવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં દેશભરમાં આ અભિયાન થકી ૩.૭૦ લાખથી પણ વધુ વરિષ્ઠ નાગરિકોની મદદ કરવામાં આવી છે. ૪૧ હજારથી પણ વધુ સ્વયંસેવકો આ અભિયાનમાં જોડાયા છે. જયારે ૧૧,૬૧૨ વરિષ્ઠ નાગરિકોની રજૂઆતોનો સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો છે.

### જળ છે તો જીવન કહેવતને સાર્થક કરતા દાંતીવાડા તાલુકાના ખેડૂતો

# તંત્રની મદદની રાહ જોયા વગર જાતે ૧૦૦% લોકફાળો એકઠો કરી તળાવ ઊંડું કર્યું

(બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત)



દાંતીવાડા તાલુકામાં બનાસ સીપુ અને હડમતીયા આ ત્રણ લઘુ અને મોટી સિંચાઈ યોજના આવેલી છે છતાં દાંતીવાડા તાલુકાના ખેડૂતો ની જમીન ડુબ માં ગઈ હોવા છતાં જે-તે વખતની સરકાર ની અવળચંડાઈ ના કારણે સ્થાનિક ખેડૂતો ૩૫થી વધું વર્ષોથી સિંચાઈ સુવિધા થી વંચિત રહ્યા હતા જેના કારણે અવાર-નવાર દાંતીવાડા તાલુકાના ખેડૂતો નર્મદા કેનાલની માંગ કરતા હોય છે પાણી ની સમસ્યા ને હલ કરવા માટે સૌરાષ્ટ્ર માં વર્ષો પહેલાં અપનાવેલ સફળ પ્રયોગમાંથી પ્રેરણા લઈ તેમણે આ વિસ્તારના ભુગર્ભ જળનું સ્તર ઉંચુ લાવવા જન ભાગીદારી થી તળાવો બનાવી વરસાદી પાણી ના સંગ્રહ નુ અભિયાન વરસાદ ની અનિયમિતતા લીધે દુષ્કાળ જેવી પરિસ્થિતિ માં ખેડૂતો ની વાહરે સહકાર આગેવાનો દાંતીવાડા તાલુકાના આગેવાનો.ખેડૂતો,વેપારીઓ,દાતાઓ દ્વારા જળસંચયની કામગીરી આ વિસ્તારના બનાસડેરી ના ડીરેકટર પી.જે.ચૌધરી ની રાહબરી હેઠળ રાણોલ ગામથી શરૂઆત કરી ડેરી,રતનપુર,સાતસણ,ઝાત,ગુદરી ના વાવધરા ગામની સીમમાં મોટા ચેકડેમો.તળાવોનુ ૧૦૦% લોકફાળા દ્વારા અને સેવાભાવી આગેવાનો સજ્જનોની સુંદર કામગીરી થઈ છે તાલુકાના વિવિધ ગામોમાં તળાવો સંપુર્ણ લોક ભાગીદારી થકી અંદાજીત સાત જેવા મિની ડેમ જેવા તળાવો બનાવવામાં આવ્યા છે જેનાથકી ૩૭ગામનો વરસાદ થકી તળાવો ભરાય છે ત્યારે દાંતીવાડા તાલુકાના ૩૭જેટલા ગામડાંઓ ના ખેડુતો ના બોર કુવાઓમાં તળ ઉંચા આવશે માત્ર રંગીન બેનરો પ્રદર્શિત કરવાથી ખેડૂતો ને પાણી નહીં મળે તેમજ આ વિસ્તારના વિધાનસભા ચૂંટણી લડેલા બનાસ ડેરી વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ.માર્કેટયાડ ચેરમેન સવસીભાઈ પટેલ પુર્વ પ્રમુખ નટુભાઈ ચૌધરી.તાલુકા ભાજપ મંત્રી ઈશ્વર ભાઈ રબારી. કારોબારી ચેરમેન રમેશભાઈ ધાડીયા.તેમજ વિસ્તારના સામાજીક આગેવાનો ડેલીગેટો સરપંચો જોડાયા ને પરિણામ લક્ષી મહેનત કરી રહ્યા છે

આગામી દિવસોમાં જળસંચય માટે રજી.ટ્રષ્ટ બનાવવા ની યોજના છે જેમાં આ વિસ્તારના અને જીલ્લા ના ઉદ્યોગપતિઓ.વેપારીઓ.વિગેરેના સહકાર પ્રાપ્ત કરી દુષ્કાળ ને દેશવટો અપાશે તેવી નેમ જોવા મળી હતી હાલમાં ધાનેરા. દાતીવાડા તાલુકામાં માત્ર આંદોલનોની વાતો અને રંગીન બેનરો લગાડી ખેડૂતો ની (રગ)નસ દબાવવાની વાતો કરનારાઓની ની સામે દાંતીવાડા તાલુકા માં ૧૦૦% લોક ભાગીદારી નક્કર કામગીરી કરવામાં આવી છે


તાલુકા ના પર્વતીય વિસ્તારમાં અને ભૌગોલિક પરિસ્થિતિ ના આધારે વિશાળ લઘુ ડેમ જેવા તળાવો બનાવવામાં ખેડૂતો તેમજ ગ્રામજનો વેપારીઓ.આગેવાનો પોતાના લોકો ફાળાથી કરોડો રૂપિયા ખર્ચ બનાવી શકાય તેવા તળાવો અને ચેકડેમો નું બનાવીને દાંતીવાડા તાલુકાના આગેવાનો દ્વારા જળસંચયનો ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યૂ છે જેનું પરિણામ વર્તમાન ચોમાસા ઈન્દ્રદેવ ની કૃપાથી જોવા મળશે

# સરકારની તમામ સહાયક પ્રથા બંધ કરી શોષણ બંધ કરા : જયરાજસિંહ પરમાર

ગુજરાત સરકારની તમામ સહાયક પ્રથા કર્મચારીઓના શોષણનું ઉદ્ભવ સ્થાન છે. સરકારે પે-ગ્રેડ પર વિચારણા કરવા ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવી જોઈએ. ભાજપ સરકારમાં લડ્યા વગર કોઈને હક મળતો નથી. દરેક શોષિતોએ પોતાના ઘા ખુલ્લા મૂકી વેદના સાબિત કરવી પડે છે. ?સહાયક પ્રથામાં લોકરક્ષક સૌથી વધુ કલાકો ફરજ બજાવે છે. પોલીસની ફરજમાં યશ ઓછો અને અપયશના પોટલા વધારે હોય છે.. મોદીજી- રૂપાણીજી આ કોરોના વોરિયર્સને તાળીઓ, થાળીઓ અને ફૂલડાની જરૂર નથી...એ બધા તાયફા બંધ કરી એના પેટનો ખાડો પુરવા પૂરતો પગાર આપો.૧૮૦૦૦ માં ઘર ના ચાલે તો એનું ઈમાન કેવી રીતે ચાલશે સરકારની તમામ સહાયક પ્રથા બંધ કરી શોષણ બંધ કરો.

?#2800gujaratpolice

? જયરાજસિંહ પરમાર



**આજરોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ગુજરાત પોલીસ લાઈન બોયઝ હેલ્પ સેન્ટર એનજીઓ સાબરકાંઠા જિલ્લા ટીમ દ્વારા ગુજરાત પોલીસ ના ૨૮૦૦ ગ્રેડ પે આપવા બાબત અને ગુજરાત અનામત પોલીસ દળ એસઆરપી ની દર ત્રણ મહિને બદલી રોકી અને જિલ્લા વાઈસ કરવા બાબત એનજીઓના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગિરધારી સિંહ નટવરસિંહ રહેવર સાબરકાંઠા જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ કુબેરભાઈ પરમાર એનજીઓ તરફથી આજ રોજ સાબરકાંઠા જિલ્લાના કલેકટર સાહેબ શ્રી ને આવેદનપત્ર આપવામાં આવ્યું.**

### આરોગ્યતંત્ર બે પોઝેટીવ દર્દીઓથી અજાણ..!!

# અરવલ્લીમાં વધુ ૬ કેસ કોરોના પોઝીટીવ આવતાં કુલ આંકડો ૨૮૨ પર પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો ગ્રાફ સતત ઉંચે પહોંચી રહ્યો છે બુધવારે ચાર કેસ નોંધાયા બાદ ગુરુવારે પણ ૬ કોરોનાના પોઝેટીવ દર્દીઓ મળી આવતાં જીલ્લામાં કોરોનાનો આંક ૨૮૨ પર પહોંચ્યો છે મોડાસા શહેરની હુસેની સોસાયટીમાં રહેતા પતિ-પત્ની કોરોનામાં સપડાતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા પહોચ્યા છે મોડાસા શહેરના સામાન્ય નાગરિકો સુધી હુસેની સોસાયટીમાં પતિ-પત્ની કોરોના પોઝેટીવ હોવાની માહિતી પહોંચી ગઈ હતી પરંતુ આરોગ્ય વિભાગ આ અંગે અજાણ હોય તેમ જીલ્લા આરોગ્ય તંત્રએ ગુરુવારે જીલ્લામાં નવા નોંધાયેલ કેસ માંથી કોરોનાગ્રસ્ત પતિ-પત્ની નો છેદ ઉડાડી દેતા લોકોમાં આરોગ્ય તંત્ર કોરોનાના આંકડા છુપાવવામાં માહેર બની ગયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે જીલ્લામાં સૌથી સ્ફોટક સ્થિતિ મોડાસા શહેરની બની રહી છે

અરવલ્લી જીલ્લામાં આરોગ્ય તંત્રએ જાહેર કરેલા આંકડા મુજબ ૪ કોરોનાના કેસ નોંધાયા હતા.જેમાં મોડાસા શહેરની પાંચજયોત સોસાયટી અને મોદીની ખડકી ગાંધીવાડા એક-એક મહિલા,બાયડની ઓમ રેસિડેન્સીમાં રહેતા ૪૬ વર્ષીય પુરુષ અને અત્યાર સુધી કોરોના મુક્ત રહેલા માલપુર તાલુકામાં કોરોનાએ પગપેસારો કરતા વિક્રમપુરાના પહાડીયા ગામનો ૪૮ વર્ષીય પુરુષ કોરોનામાં સપડાયા હતા.જિલ્લામાં અત્યાર સુધી કુલ કોરોનાના કેસનો આંક ૨૮૨ એ પહોંચ્યો છે. રોજેરોજ ઉંચે જતા કોરોનાના ચેપના ફેલાવવાના ગ્રાફમાં ગુરુવારે અરવલ્લી જિલ્લામાં વધુ ૪ કેસ સાથે હવે કુલ કેસનો આંક ૩૦૦ નજીક પહોંચવાની તૈયારીમાં છે તમામ ૬ દર્દીઓ હાલ કોરોનાની સારવાર અર્થે હોસ્પિટલાઈઝ થયા હતા .મોડાસા શહેરમાં આરોગ્ય તંત્ર કોરોના સામે કામગીરીમાં નબળું પુરવાર થતાં કોરોના હાવી થઈ રહ્યો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. મોડાસા શહેરમાં દિવસેને દિવસે કોરોના સંક્રમણ વધી રહ્યું હોય તેમ રોજે રોજ કોરોના પોઝીટીવ કેસો બહાર આવી રહ્યા છે. જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો છે. કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે.

જો આવનારા સમયમાં નાગરિકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોનો ચુસ્ત અમલ ન થાય તો આ મહામારીને વધુ ભયાવહ સ્થિતિ તરફ જતા કોઈ જ રોકી નહી શકે.એકલા મોડાસા શહેરમાં જ અંદાજે ૧૩૪ નજીક કોરોના ના કેસનો આંક પહોંચી ગયો છે.આમ હવે જિલ્લાના અનેક તાલુકાઓમાં પણ ધીમે-ધીમે કોરોનાના કેસમાં વધારો થઈ રહયો છે.આમ અત્યાર સુધી અરવલ્લી જિલ્લામાં કુલ ૨૮૨ કેસ કોરોના પોઝીટીવ નોંધાયા હતા.જિલ્લામાં વધી રહેલા લોકલ સંક્રમણથી લોકોમાં ગભરાટની લાગણી ફેલાઈ છે. ગુરુવારે આવેલ ૪ કેસના સ્થળોને જિલ્લા કલેકટર દ્વારા કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરી લોકલ અવર જવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો.

### MIPLVP ઈન્સ્ટીટયુટ દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલયના સ્નાતક વિદ્યાર્થીઓ સાથે

# સામાજિક કાર્યના (MSW) કોર્ષ માટે ઓનલાઈન કારકિર્દીનું માર્ગદર્શન અને ઈન્ટરેક્ટિવ સેશન યોજાયુ

સ્નાતકના ભણતર પછી મોટાભાગના વિદ્યાર્થીઓને ક્યા ક્ષેત્રમાં આગળ વધવું અને કારકિર્દીને અનુરૂપ શિક્ષણ મેળવવા મૂંઝવણમાં હોઈ છે અને ઘણા બધા વિકલ્પોને લીધે તેમની મૂંઝવણમાં વધારો થાય છે. આથી વિદ્યાર્થીઓની કારકિર્દી સંબંધિત સંદેહ દૂર કરવા, સાચું માર્ગદર્શન આપવા અને જીવનનું સંપૂર્ણ પરિવર્તન કરવા માટે MIPLVP ઈન્સ્ટીટયુટ દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલયના સ્નાતક વિદ્યાર્થીઓ (BA, B.COM અને BBA) સાથે કારકિર્દીનું માર્ગદર્શન અને ઈન્ટરેક્ટિવ સેશન રાખવામાં આવ્યું.

આ સેશનના વક્તાઓમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અને શ્રી યોગેશભાઈ પટેલ હતા. તેઓએ સુંદર અને સ્પષ્ટ રીતે વિદ્યાર્થીઓને સામાજિક કાર્યના કોર્ષની માહિતી આપી તેની જરૂરિયાત પણ સમજાવી અને MSW પછી નોકરીની તકો વિષે પણ ઊંડાણમાં વાત થઈ. એ ઉપરાંત તેઓએ MIPLVP ની સ્કોલરશીપ યોજનાની (શૈક્ષણિક ફી માફી, હોસ્ટેલ ફી માફી અને સ્ટાઈપેન્ડ) પણ માહિતી આપી જેમાં MSWમાં એડમીશન લેનાર ૩૦ (૭૫%) વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. કારકિર્દીના માર્ગદર્શન બાદ વિધાર્થીઓના પ્રશ્નોનો જવાબ સંબોધવામાં આવ્યા હતા. આ ઓનલાઈન સેશનમાં ૯૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

વધુ માહિતી માટે અને MSW ના એડમીશન માટે આજે જ MIPLVP ઈન્સ્ટીટયુટની મુલાકાત લો.

# સિધ્ધપુરમાં કોરોનાનું સંક્રમણ ફેલાવવામાં કેટલાક વેપારીઓનો સિંહફાળો, તંત્ર ચૂપ

સિધ્ધપુર નગરમાં રોજ ૧૦૦% ના ડબલીંગ રેશીયો થી વધી કોરોના રહેલા કેસો માટે લોકોની લોકડાઉન ૧-૨-૩ ની લાપરવાહી અને ધંધો કરી લેવાની લ્હાયમાં સોશિયલ ડીસ્ટન્સ કે સાવચેતીની વ્યવસ્થા વગર દુકાનો ખોલતા વેપારીઓ કોરોના સંક્રમણના વાહકો બન્યા છે. જેનો પુરાવો આપતી ઘટના એ છે કે જે સોસાયટીઓ લોક છે જ્યાં કેસ વધી રહ્યા છે ત્યાંના રહીશ વેપારીઓ વહેલી પરોઢે સોસાયટીની દિવાલો કુદીને ધંધો કરવા નિકળી રહ્યા છે જેમાંના કેટલાક તો કોરોનાના લક્ષણો પણ ધરાવતા હોવાની લોકચર્ચા ચાલી રહી છે. ઘનશ્યામ અને લીલાશા નગર સોસાયટીને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરેલી છે, કોઈને બહાર આવવા કે બહારથી અંદર જવાની



મનાઈ છે તો પણ વેપારીઓ વહેલી પરોઢે દિવાલ કુદીને શાક માર્કેટમાં જઈને વેપાર કરે છે જયાં વેપાર સાથે કોરોનાની પણ આપ લે થાય છે.આ અંગેનો એક વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો છે અને તે વિડીયોમાં વેપાર કરતા દેખાતા વેપારીઓ પૈકી કેટલાક આ બન્ને સોસાયટીઓના રહીશ હોવાનું તારણ છે. શાકમાર્કેટમાં સોશિયલ ડીસ્ટન્સની ધજ્જીયાઓ ઉડાડવામાં આવે છે. .આખી દુનિયા કોરોના મહામારી થી પરેશાન છે, ભારતમાં કેસ દસ લાખે પહોંચ્યા છે દુનિયામાં સવા કરોડથી વધારે મૃત્યુ થયા છે ત્યારે પોતાના ખુદનું કે પોતાના પરિવારજનોનું અને બીજા લોકોનું નહી વિચારતા લોકો તેમજ કામ વગર બહાના કરીને રખડવા નિકળી પડતા લોકોના કારણે કોરોના સંક્રમણ વધી રહ્યું છે અને લોકોના જીવ જઈ રહ્યા છે. સરકારી તંત્રએ સંજ્ઞાન લેવા જેવું છે નહી તો એટલું સમજવું રહ્યું કે તેમના પરિવારો પણ આ જ નગરમાં રહે છે. આ સંક્રમણ ના તો અમીર ગરીબ ના સરકારી કે ખાનગી નોકરીયાત જોવે છે.

# જેગોલની બનાસબેંક આગળ સોશિયલ ડિસ્ટન્સ ના લીરેલીરા ઊડયા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજે શનિવારે જેગોલ બનાસબેક્ક બહાર સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવાં મળ્યો હતો સવાર થી જ બનાસબેક્ક ખુલી પણ ન હતી છતા સવારથીજ બેક્ક નીચે લોકો ભીડ જમાવી બેઠા હતાં અને સોશિયલ ડિસ્ટન્સિંગના ખુલ્લે આમ ધજાગરા જોવા મળ્યા હતાં અને કેટલાય લોકોતો માસ્ક વગર પણ બિન્દાસ વાતોના ફાંકા મારતા જોવા મળ્યા હતા બનાસકાંઠા જિલ્લામાં પણ દિવસે ને દિવસે કેશો વધી રહ્યા છે અને દાંતીવાડા તાલુકામા પણ એક કોરોનાના કેસ નોંધાયા છે પરંતુ બેક્ક આગળના ભાગે સોશિયલ ડિસ્ટન્સ જાળવે અથવા તંત્ર પણ સોશિયલ ડિસ્ટન્સિન્ગનો ભંગ ના થાય તેની તકેદારી જળવાય તે જરુરી બન્યુ છે હવે જોયું એ રહ્યું કે ક્યારે અહીં લોકો ને કાયદાના પાઠ ભણાવશે..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.